# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **આગામી 26મે થી બે દિવસના પ્રધાનમંત્રીના રાજ્યના પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ.**
2. **નવી દિલ્હી ખાતે યોજનારી નીતિ આયોગની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના વિકાસ અને ગૂડ ગર્વનન્સની પ્રસ્તુતી કરશે.**
3. **દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી વચ્ચે અમરેલી અને દમણમાં તોફાની વરસાદ.**
4. **અમદાવાદના ચંડોળા તળાવ પરથી કુલ 12 હજારથી વધુ કાચા-પાકા ગેરકાયદે દબાણો દૂર કરાયાં બાદ કાટમાળ હટાવવાની કામગીરી પૂરજોશમાં.**
5. **ખેલો ઇન્ડિયા બીચ સોકરમાં ગુજરાતનો મધ્યપ્રદેશ સામે વિજય .**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 26 અને 27 મેના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે. પ્રધાનમંત્રી રાજ્યના પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શ્રી મોદી રાજ્યમાં કુલ 82 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ 26મી એ ભુજ ખાતેથી 53 હજાર કરોડથી વધુના 33 વિકાસકાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરશે. તેઓ દાહોદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રધાનમંત્રીના હસ્તે કચ્છ , મોરબી, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથ, અમદાવાદ, દાહોદ, તાપી અને મહીસાગર જિલ્લાના વિકાસકામોનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમૂહુર્ત કરાશે. પ્રધાનમંત્રીના આ પ્રવાસ અંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી.

## બાઈટ - હર્ષ સંઘવી

---

# CM DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ દિવસ દિલ્હીની મુલાકાતે રહેશે. શ્રી પટેલ આજે યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ઉપસ્થિત રહેશે. તેમાં તેઓ રાજ્યના વિકાસકામ તેમજ ગુડ ગવર્નન્સ સંબંધિત મુદ્દાઓની પ્રસ્તૂતિ કરશે.

મુલાકાત દરમિયાન શ્રી પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે પણ મહત્વની બેઠક કરશે. ઉપરાંત તેઓ ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની યોજાનારી બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. એ સિવાય પવનની ગતિ 50 કિમી પ્રતિ કલાક સુધી નોંધાય તેવી શક્યતા છે. 27 મે સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરાઇ છે. અરબી સમુદ્રમાં અત્યારે વોલમાર્ક લો પ્રેશર સક્રિય થવાથી આ સ્થિતિ સર્જાઈ હોવાનું હવામાન વિભાગના વડા ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

## બાઇટ : ડૉ.એ.કે.દાસ, વડા હવામાન વિભાગ

---

# AMRELI DAMAN RAIN

અમરેલી જિલ્લામાં ત્રણ ઇંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે પવનના કારણે અનેક જગ્યાએ વીજ પોલ તેમજ વૃક્ષો ધરાશાયી થયા હતા. અમરેલીથી કુંકાવાવ જતો સ્ટેટ હાઇવે બંધ કરાયો છે.

અમરેલી, લાઠી, દામનગર, ચલાલા, વડિયા અને કુંકાવાવ વિસ્તારમાં 50 કરતા વધુ વીજપોલ ધરાશયી થતાં 39 ગામડામાં વીજ પૂરવઠો ખોરવાયો છે. હાલ વરસાદ બંધ થતા વીજ વિભાગ દ્વારા વીજ પુરવઠો પુન સ્થાપિત કરવાની કામગીરી શરૂ કરાઈ છે.

દમણમા પણ એક કલાકમાં અંદાજે 1 ઇંચ વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે. વરસાદના પગલે અનેક માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહન વ્યવહારને અસર થઈ છે.

---

# PORBANDAR – CYCLONE PREPAREDNESS

પોરબંદરમાં સંભવિત વાવાઝોડાની અસરને લઈને દરિયામાં માછીમારી કરવા ગયેલા માછીમારોને પરત બોલાવી લેવાયા છે. આ ઉપરાંત 24 કલાક ડીઝાસ્ટર કન્ટ્રોલરૂ મ સ્થાપિત કરી દરિયાકાંઠાના 28 ગામના લોકોને સાવચેત કરાયા છે. અમારાં જિલ્લા પ્રતિનીધી જણાવે છે કે ભારે વરસાદની શકયતાને જોતા સમુદ્રમાં ગયેલી 158 બોટને વહીવટી તંત્ર અને કોસ્ટગાર્ડ દ્વારા કીનારે આવવા સૂચના અપાઈ છે.

---

# CHANDOLA TALAV

અમદાવાદ શહેરના ચંડોળા તળાવમાં કુલ 11 લાખ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારમાં, વ્યાવસાયિક પ્રકારના 700 દબાણો સહિત કુલ 12 હજારથી વધુ

કાચા-પાકા દબાણો હતા. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ચંડોળા તળાવમાં આવેલા કાચા-પાકા દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી છે.

તળાવ પરના દબાણો દૂર કર્યા પછી નીકળેલ કાટમાળને હટાવવા માટે મહાનગર પાલિકા દ્વારા 14 જે.સી.બી. મશીન , 100 ટ્રક હિટાચી મશીન ઉપયોગ કરીને કુલ 357 ફેરામાં બે હજાર 774 મે. ટન જેટલો કાટમાળ ગઇકાલે દૂર કરવામાં આવ્યો છે.

તળાવમાંથી કાટમાળ દૂર કરવાની સાથે સાથે પાણીનો સંગ્રહ કરવા માટે તળાવને ઊંડું કરવાની કામગીરી પણ ઝોનમાંથી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત 1507.37 સ્કે.મીટર ઉંડો ખાડો કરી આશરે 904.422 ઘન મીટર માટી બહાર કાઢેલ છે.

મહાનગરપાલિકના ગાર્ડન વિભાગના વનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ગ્યાસપુર ખાતે ઉપયોગમાં લેવામાં આવનાર છે. જ્યારે દબાણો દુર કરાતા નીકળેલ કન્સ્ટ્રક્શન અને ડીમોલેશન વેસ્ટને મહાનગર પાલિકા દ્વારા વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે વેસ્ટ માંથી જુદી જુદી પ્રોડક્ટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવનાર છે.

અમદાવાદ શહેરમાં આશરે 11 લાખ ચોરસ મીટર વિસ્તારમાં પાણીનો સંગ્રહ થવાથી આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે.

---

# DIMOND JUBELI

આકાશવાણી અમદાવાદના કર્મચારીઓની ક્રેડિટ કો. ઓપ. સોસાયટીની સ્થાપનાની “હીરક જયંતિ“ની ઉજવણી કરવામાં આવી હતી.. સ્થાપના સમયથી માંડીને વર્તમાનના દરેક સભ્યનું સ્નેહમિલન યોજવામાં આવ્યું જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ સાથે કારોબારી સમિતિએ સોસાયટીના વરિષ્ઠ સભાસદોનું શાલ અને ભેટ દ્વારા સંમાન કરવામાં આવ્યું હતું.. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને આકાશવાણીના

પૂર્વ અધિકારી દેવુંસિંહ ચૌહાણની ઉપસ્થિતીમા યોજાયેલા આ કાર્યક્રમમા વરિષ્ઠ સભ્યોએ સહકારી સેવાક્ષેત્રે સોસાયટીની ૬૦ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રાના વિવિધ અનુભવો વર્ણવ્યા હતા.. વર્ષ ૧૯૬૩માં માત્ર રૂપિયા દસના મહત્તમ ધિરાણ સાથે શરૂ થયેલ આ ક્રેડિટ કો. ઓપ. સોસાયટી આજે તેના સભાસદોને રૂપિયા સાત લાખનું ધિરાણ અને સાથોસાથ તેટલીજ રકમનું વ્યક્તિગત વિમાકવચ પૂરૂં પાડે છે ..કોરોનાના કપરાં સમયમાં સભાસદોને જરૂરિયાત પૂરી પાડીને સોસાયટીએ પોતાની સામાજીક જવાબદારીને નિભાવી હતી...

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# KHELO INDIA

દીવમાં ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ચાલી રહી છે. ઘોઘલા બીચ ખાતે યોજાઇ રહેલી બીચ સોકરમાં પેહલા સેમી ફાઇનલ ગુજરાતનો મધ્યપ્રદેશ સામે વિજય થયો હતો. ગુજરાત ના 9 ગોલ અને મધ્યપ્રદેશના 4 ગોલ થેયલા હતા અને ગુજરાતનો 5 ગોલના માર્જિન થી વિજય થયો હતો...

---

# MAHESANA AYUSHMAN BHARAT YOJNA

મહેસાણાના વડનગર તાલુકાના મઢાસણા ગામના જયંતિભાઈ વિઠ્ઠલભાઈ રાવલ બે મણકાનું ઓપરેશન આયુષ્ય માન ભારત યોજના દ્વારા કરાવ્યું હતું. વિસનગર નૂતન જનરલ હોસ્પિટલ ખાતે કરાયેલા આ ઓપરેશનને કારણે તેઓ સ્વસ્થ થયા હતા. જટિલ અને મોંઘી દાટ શસ્ત્રક્રિયાનો ખર્ચ તેવો ઉપાડી શકે તેમ ન હતા. પરંતુ આયુષ્યમાન ભારત યોજનાને કારણે તેમની શસ્ત્ર ક્રિયા સરળ બની હતી. શસ્ત્ર ક્રિયા કરનારા વિસનગરની હોસ્પિટલના ડોક્ટર જે .પી.મોદીએ જણાવ્યું હતું કે, જયંતિભાઇને હવે પીડીમાંથી મુક્તિ મળી છે.

## બાઇટ- ડૉ. જયંતિભાઈ રાવલ, દર્દી

---

# SURAT CITY BUS

સુરતના અડાજણથી ભાટપોર ગામ સુધી સિટી બસ સેવાના રૂટને લંબાવવામાં આવ્યો છે. જેથી ભાટપોર ગામને સિટી બસની કનેક્ટિવિટી મળશે. આજથી ભાટપોર ગામે ધારાસભ્ય સંદીપ દેસાઈ, જાહેર પરિવહન સમિતિના ચેરમેન સહિતના અગ્રણીઓ દ્વારા ફ્લેગ ઓફ આપી આ રૂટનું ઉદ્‍ઘાટન કરવામાં આવશે. ભાટપોર સુધી સિટી બસસેવાનું જોડાણ થતા ઓરો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ભાટપોરના ગ્રામજનો તેમજ ભાટપોર GIDCની વિવિધ ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતા શ્રમિકો, કર્મચારીઓને જાહેર પરિવહન સેવાનો લાભ મળશે. અને તેઓને અડાજણની સીધી કનેક્ટિવિટી મળી રહેશે.

---

# DWARKA – DEATH

દ્વારકા જિલ્લાના ભાણવડના ઢેબર ગામે ટ્રેક્ટર કૂવામાં ખાબકતા 13 વર્ષના બાળકનું મોત થયું છે. આ ઘટનામાં એક બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. રમત રમતમાં બે બાળકોએ ટ્રેક્ટર ચાલુ કરી દેતા આ દુર્ઘટનામાં સર્જાઈ હતી.

---

# GCAS ADMISSION

શૈક્ષણિક વર્ષ 2025-26થી GCAS પોર્ટલ દ્વારા સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશનો પ્રથમ રાઉન્ડ 29 મેથી શરૂ થશે. અરજી સબમિટ કરી ચકાસણી પૂર્ણ કરવાની બાકી હોય તેવા પહેલા તબક્કાના વિદ્યાર્થીઓને 22 અને 23 મેના રોજ SMS અને WhatsApp દ્વારા તેમની અરજીની ચકાસણી પૂર્ણ કરવા માટે સૂચિત કરાયું હતું. જ્યારે GCAS પોર્ટલ પર પ્રવેશ પ્રક્રિયાના બીજી તબક્કા માટેની ઓનલાઈન નોંધણી 24 મેથી શરૂ થશે..પ્રવેશના ચારેય રાઉન્ડની તારીખો GCAS પોર્ટલ પર ઉપલબ્ધ છે.

---

# TIRANGA YATRA

ભારતીય સેનાએ ‘ ઓપરેશન સિંદૂર’ દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા સુરતના યોગીચોકથી કારગીલ ચોક સુધીની તિરંગા યાત્રા યોજાઈ હતી. ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

મોટી સંખ્યામાં લોકોએ યાત્રામાં જોડાઈને 'ભારત માતા કી જય અને વંદે માતરમ્'ના જયઘોષ સાથે ભારતીય સૈનિકોના અભૂતપૂર્વ પરાક્રમને બિરદાવ્યું હતું. શાળાના બાળકો ભારત માતા, વીર સૈનિકોના વસ્ત્રો ધારણ કરી જોડાયા હતા.

યાત્રાના રૂટમાં રોડની બંને તરફ રાષ્ટ્રભક્તિના ગીતો અને રાષ્ટ્રભાવના વ્યક્ત કરતા નારાઓ સાથે લોકોએ હાથમાં તિરંગો લઈ યાત્રાને આવકારી હતી.

ગીર સોમનાથમાં કોડિનારમાં  શહીદોને શ્રદ્ધાંજલિ અને સેનાના શૌર્યને બિરદાવતી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ. આ યાત્રામાં કોડિનારના સેંકડો ભાઈઓ બહેનો અને યુવાનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રા કોડિનારના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને માર્કેટિંગ યાર્ડ ખાતે વિશાળ સભામાં પરિવર્તિત થઈ હતી.

---